**ફોજદારી કેસ નં. ૫૫૨૧/૨૦૨૫**
**આંક – ૬**

૧. ફરીયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે આ કામના આરોપીએ જાહેર પાનાં પત્તાનો જુગાર રમી રમાડતા મળી આવેલ જે અંગે ફરીયાદીની ઉપરથી જુગાર એકટ કલમ ૧૨ મુજબનું ચાર્જશીટ રજૂ રાખેલ છે.

૨. આરોપીઓ તરફે **આંક–૦૫** ગુન્હા કબૂલાત ની પુરશીશ રજૂ થતા **આંક–૦૪** પ્લી રેકર્ડ કરતાં આરોપીઓ તરફે સ્વેચ્છાપૂર્વક ગુન્હાની કબૂલાત કરેલ છે આરોપીઓની સ્વૈચ્છિક કબૂલાત નહીં માનવાને કોઈ કારણસર રહેતું નથી.

૩. કેસની હકીકત આરોપીના આર્થિક સંજોગો, તેની સ્વૈચ્છિક કબૂલાત ધ્યાને લેતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ગુજરાત રાજ્ય વિરુધ્ધ નટવર હરચંદજીના કેસમાં (જી.એલ.આર.૨૦૦૫ (૧) પાનાં નં. ૭૦૯) આપેલ સમજૂતી મુજબ આરોપીઓને કાયદામાં જણાવેલ સજા કરતાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હિત સચવાય તેમ છે અને તે સંજોગોમાં ઓછી સજા કરવાના પૂરતા કારણો જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

આ કામના પ્રત્યેક આરોપીને ક્રી.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે જુગાર ધારા એક્ટ ની કલમ ૧૨(અ) મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૧૦૦/– (અંકે રૂા.એકસો) નો દંડ કરવામાં આવે છે અને દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજા ફરમાવું છું.

પોલીસે મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા પ્રમાણે કબજે કરેલ રોકડ રકમ સરકાર ખાલસા કરવાનો તથા અન્ય મુદ્દામાલ જેવા કે પત્તાપાના તથા પાથરણાનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ સ્પેશ્યલ સિટિંગમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૩/૦૯/૨૦૨૫**
**છોટાઉદેપુર**
**સ્પે.સીટીંગ(નેશનલ લોકઅદાલત)**

**( એ. એચ. મકરાણી )**
**ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ છોટાઉદેપુર**
**(જી.જે. ૦૧૧૩૭)**